# પાકિસ્તાનમાં આવેલ હિંદુ સમાજના ચારધામની યાત્રાને સરળ બનાવવા હાઈકમિશનને સચોટ રજુઆત

જામનગર તા.૮

તાજેતરમાં જ પાકિસ્તાનની યાત્રાએ ગયેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ, કચ્છના સાંસદ પુષ્પદાન ગઢવી, કચ્છ (મુંદ્રા) ના ધારાસભ્ય ગોપાલભાઈ ધુંવા તેમજ ડો. આંબાદાન રોહડિયા પણ તેઓની સાથે ગયા હતા અને પાકિસ્તાન હાઈ કમિશનને હિન્દુ યાત્રાધામોની વિઝા સરળ બનાવવા રજુઆત કરેલ હતી.

ભારત-પાકિસ્તાનના ભાગલા બાદ પાકિસ્તાનમાં ચાલી ગયેલા મહેશ્વરી મેઘવાર સમાજના યાત્રાધામોની યાત્રા ખૂબજ મુશ્કેલ બની હતી. આ યાત્રાને સફળ બનાવવા કચ્છના સાંસદ શ્રી પુષ્પદાન




ગઢવીએ તાજેતરમાં જ પાકિસ્તાન હાઈકમિશનને સમક્ષ રજુઆત કરી હતી.

ભારત અને પાક. ના ભાગલા પછી આ અતિ વિકટ બની હતી. પરંતુ આ આ સ્થાનો કચ્છથી તદન નજીક હોય અગાઉ આ સ્થળોની યાત્રાએ લોકો પગપાળા જતા હતા. મુસ્લીમો માટે જે મક્કાનું મહત્વ છે. હિન્દુઓ માટે હિંગળાજનું મહત્વ છે. તેટલું જ મહેશ્વરી મેઘવાર સમાજ માટે આ ચાર ધામોનું મહત્વ હોય આ યાત્રાને ખૂબજ સરળ બનાવવા અને યાત્રાકોને વના વિલંબે વિઝાઓ આપવા માટે વગેરે જેવી રજુઆતો પાકિસ્તાન હાઈકમિશન સમક્ષ કરવામાં આવી છે. કચ્છના સાંસદ પુષ્પદાન ગઢવી સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ અમારી રજુઆત ખૂબ જ ચોટદાર રહી છે. અને 'આ યાત્રાધામોએ જવા માટેનો માર્ગ નજીકના ભવિષ્યમાં જ મોકળો થશે અને તેઅંગેની મંજુરીના પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. આગામી એપ્રિલ-મે માં આ યાત્રા સંભવિત થશે. તેવું પણ તેઓએ ઉમેર્યું હતું કે હિતેષ એમ. માતંગની એક અખબારી યાદીમાં જણાવાયું છે.